વિષય :- ગણિત　　ધોરણ :-8　　બીજું સત્ર

પ્રકરણ 9 માપન　　25 marks

વિદ્યાર્થીનું નામ:-..........................................................................................

1. એક સમલંબ ચતુષ્કોણનું ક્ષેત્રફળ 34 સેમી$^2$ છે અને તેની ઊંચાઈ 4 સેમી છે. આ સમલંબની સમાંતરબાજુઓમાંથી એક બાજુની લંબાઈ 10 સેમી છે, તો તેની બીજી સમાંતર બાજુની લંબાઈ શોધો. 3 marks

2. એક ચતુષ્કોણ આકારના ખેતરના વિકર્ણની લંબાઈ 24 મીટર છે અને બાકીનાં બે શિરોબિંદુમાંથી આ વિકર્ણ પર દોરેલા લંબ 8 મીટર અને 13 મીટર છે, તો ખેતરનું ક્ષેત્રફળ શોધો. 3 marks

3. મોહન એક સમલંબ ચતુષ્કોણ આકારનું ખેતર ખરીદવા ઇચ્છે છે. આ ખેતરની નદી તરફની બાજુ એ, રસ્તા તરફની બાજુને સમાંતર અને અંતરમાં બમણી છે. જો આ ખેતરનું ક્ષેત્રફળ 10,500 મી$^2$ હોય અને ખેતરની સમાંતર બાજુઓ વચ્ચેનું લંબ અંતર 100 મીટર હોય, તો ખેતરની નદી તરફની બાજુની લંબાઈ શોધો. 3 marks

4. 80 સેમી x 48 સેમી 24 સેમી માપ ધરાવતી એક સૂટકેસને તાડપત્રીના કપડાથી ઢાંકવાની છે (કવર બનાવવાનું છે). આવી 100 સૂટકેસને ઢાંકવા માટે 96 સેમી પહોળાઈ ધરાવતી તાડપત્રીના કેટલા કાપડની જરૂર પડશે? 3 marks

**5. એક એવા ઘનની બાજુનું માપ શોધો કે જેનું પૃષ્ઠફળ 600 સેમી$^2$ હોય? 2 marks**

**6. 7 મીટર ત્રિજ્યા અને 3 મીટર ઊંચાઈવાળી એક બંધ નળાકાર ટાંકી ધાતુનો પતરામાંથી બનાવવામાં આવેલ છે. આ ટાંકીને બનાવવા માટે ધાતુનું કેટલું પતરું જોઈશે? 3 marks**

**7. એક લંબઘનના આધારનું ક્ષેત્રફળ 180 સેમી2 છે અને તેનું ઘનફળ 900 સેમી$^3$ છે, તો તે લંબઘનની ઊંચાઈ શોધો. 2 marks**

**8. એક લંબઘનનું માપ 60 સેમી x 54 સેમી × 30 સેમી છે. આ લંબઘનની અંદર 6 સેમી બાજુવાળા કેટલા નાના ઘન રાખી શકાશે? 3 marks**

**9. એક કુંડની અંદર 60 લિટર પાણી પ્રતિ મિનિટના દરથી પડે છે. જો કુંડનું ઘનફળ 108 મી3 હોય, તો આ કુંડને પાણીથી સંપૂર્ણ ભરાતાં કેટલા કલાક લાગશે? 3 marks**